# શ્રી ૪૭ નય

Revised dt:12/5/08

- શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રણીત પરમાગમ 'શ્રી પ્રવચનસાર'નાં ટીકાકાર આચાર્ય અમૃતચંદ્રદેવ વિરચિત પરિશિષ્ટ '૪૭ નય' પરના પરમકૃપાળુ ગુરુદેવ પૂજ્ય શ્રી કાનજીસ્વામીના પ્રવચનોનું સંકલન 'નય પ્રજ્ઞાપન',

- શ્રી પ્રવચનસારના આ પરિશિષ્ટનો આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ શાહ લિખિત ગુજરાતી અનુવાદ તથા

- આદરણીય પંડિત ડૉ. હુકમચંદ ભારિલ્લ કૃત 'પરમભાવપ્રકાશક નયચક્ર'ના '૪૭ નય'ના પ્રકરણ પર આધારિત —

શ્રી ૪૭ નયોનું ગુજરાતી પદ્યમાં રૂપાંતર :—

## મંગલાચરણ

(દોહરા)

તીર્થંકર મહાવીરશ્રી દિવ્યધ્વનિ દાતાર,
ગૌતમ ગણધરને અહો! વંદું વારંવાર;

કુંદકુંદ-અમૃત અહો! પરમાગમ રચનાર,
પંચમકાળ મહીં અહો! શાસનના આધાર;

પ્રવચનસાર મહીં ભર્યો જિનપ્રવચનનો સાર,
સુવર્ણમંદિરકળશ તેમ આ નયનો અધિકાર.

ભૂમિકા:

[હવે ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વડે પરિશિષ્ટરૂપે થોડું કહેવામાં આવે છે:]

'આ આત્મા કોણ છે (-કેવો છે) અને તે કઈ રીતે પ્રાપ્ત થાય છે' એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે:—

પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (-જણાય છે).

(દોહરા)

"કેવો છે આ આત્મા, કેમ તે પ્રાપ્ત થાય;
પૂર્વકથિત ઉત્તર હવે ફરીથી છે કહેવાય.

ચિત્સામાન્ય વડે અહો! અનંત ધર્મ વ્યાપ્ય,
અધિષ્ઠાતા છે તેનો એક જ આત્મારામ;
એક એક ધર્મ મહીં અહો! વ્યાપે છે નય એક,
અનંત નયમાં વ્યાપનું શ્રુતપ્રમાણ છે એક;
સ્વાનુભૂતિના ચિહ્નમાં જાણીને રમનાર,
પ્રમાણપૂર્વક થાય છે પ્રમેય આત્મારામ.

અનંત ધર્મ, નયો અનંત ભાખ્યાં શ્રી જિનરાજ;
તેમાંથી થોડાં કહું આત્મહિતને કાજ.

## ૪૭ નય

૧. દ્રવ્યનય: તે આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક, ચિન્માત્ર છે. (જેવી રીતે આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર પટમાત્ર છે તેમ).

તંતુને નહીં દેખતાં પટ પટમાત્ર જણાય,
આત્મદ્રવ્ય તેમજ અહો! ચેતનમાત્ર જણાય;
ચિત્સામાન્ય સ્વરૂપને દ્રવ્યધર્મ કહેવાય,
જાણે જે શ્રુતઅંશ તે દ્રવ્યનય કહેવાય. ૧.

૨. <u>પર્યાયનય</u>: આત્મદ્રવ્ય પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શનજ્ઞાનાદિમાત્ર છે (અર્થાત્ આત્મા પર્યાયનયે દર્શનજ્ઞાનચારિત્રાદિમાત્ર છે, જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ).

પટને પટ નહિ દેખતાં તંતુમાત્ર જણાય,
માત્ર જ જ્ઞાનાદિરૂપે આત્મા તેમ જણાય;
આવો પર્યાય ધર્મ તું <u>પર્યાયનયથી</u> જાણ,
ગુણભેદોને જાણીને અભેદમાં તું આવ. ૨.

૩. <u>અસ્તિત્વનય</u>: આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે;— લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક (જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન-દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે (અર્થાત્ નિશાનની સન્મુખ છે), તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે).

દ્રવ્ય ક્ષેત્ર નિજ કાળ ને ભાવથી અસ્તિરૂપ,
<u>અસ્તિનયથી</u> આત્મા છે જિનકથિત અનૂપ;
લોહમય, સ્થિત ધનુષમાં, સંધાની વળી હોય,
લક્ષ્યોન્મુખ તીરના અહો! દૃષ્ટાંતે સમજાય. ૩.

૪. <u>નાસ્તિત્વનય</u>:

આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે;—અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે, અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે, તેમ આત્મા નાસ્તિત્વનયે પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે.) ૪.

દ્રવ્ય ક્ષેત્ર પર કાળ ને ભાવથી નાસ્તિરૂપ,
<u>નાસ્તિનયથી</u> આત્મા છે જિનકથિત અનૂપ;
અલોહમય, ધનુષે અસ્થિત, નહિ સંધાની હોય,
લક્ષ્યોન્મુખ પણ તે નહીં અન્ય તીરની જેમ. ૪.

## ૫. અસ્તિત્વનાસ્તિત્વનય :

આત્મદ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વ-નાસ્તિત્વવાળું છે;—લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી લોહમયાદિ અને અલોહમયાદિ છે, તેમ આત્મા અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિત્વવાળો અને નાસ્તિત્વવાળો છે.) ૫.

દ્રવ્ય ક્ષેત્ર વળી કાળ ને ભાવથી આતમરૂપ,
નિજથી છે, પરથી નહીં, એવું ક્રમશઃ રૂપ;
અસ્તિ નાસ્તિ બન્ને સદા રહેતાં એક જ સાથ,
અસ્તિનાસ્તિનયથી અહો! એવો ધર્મ તું જાણ. ૫.

## ૬. અવક્તવ્યનય :

આત્મદ્રવ્ય અવક્તવ્યનયે યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અવક્તવ્ય છે;—લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી યુગપદ્ લોહમયાદિ અને અલોહમયાદિ હોવાથી અવક્તવ્ય છે, તેમ આત્મા અવક્તવ્યનયે યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવક્તવ્ય છે.) ૬.

સ્વપરચતુષ્ટયથી અહો! યુગપદ્ આતમરામ,
વાણીથી કહેવાય નહીં અવક્તવ્યથી જાણ;
કિંચિત અકથિત ભલે, જિનવાણીથી સાચ;
અનુભવ પાકો આતમનો વાચક વાચ્ય પ્રમાણ. ૬

## ૭ અસ્તિત્વઅવક્તવ્યનય :

આત્મદ્રવ્ય અસ્તિત્વ-અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું-અવક્તવ્ય છે;—(સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની તથા (૨) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમયાદિ તથા (૨) ન કહી શકાય એવું છે, તેમ આત્મા અસ્તિત્વ-અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે.] ૭.

દ્રવ્ય ક્ષેત્ર નિજ કાળ ને ભાવથી અસ્તિરૂપ,
સ્વપરચતુષ્ટયથી તથા યુગપદ અવાચ્ય સ્વરૂપ;
અસ્તિઅવક્તવ્યનય કહે એવું આત્મસ્વરૂપ,
સમજાતાં તેને હવે થાતું અંતર્મુખ. ૭.

## ૮. નાસ્તિત્વઅવક્તવ્યનય :

આત્મદ્રવ્ય નાસ્તિત્વ-અવક્તવ્યનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું-અવક્તવ્ય છે;—(પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પ્રથમનું તીર (૧) પરચતુષ્ટયની તથા (૨) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અલોહમયાદિ તથા (૨) અવક્તવ્ય છે, તેમ આત્મા નાસ્તિત્વ-અવક્તવ્યનયે (૧) પરચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) નાસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે.] ૮.

દ્રવ્ય ક્ષેત્ર પર કાળ ને ભાવથી નાસ્તિરૂપ,
સ્વપરચતુષ્ટયથી તથા યુગપદ અવાચ્ય સ્વરૂપ;
નાસ્તિઅવક્તવ્યનય કહે એવું આત્મસ્વરૂપ,
સમજાતાં તેને હવે થાતું અંતર્મુખ. ૮.

## ૯. અસ્તિત્વનાસ્તિત્વઅવક્તવ્યનય :

આત્મદ્રવ્ય અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું-નાસ્તિત્વવાળું-અવક્તવ્ય છે;—(સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા, (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની, (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમય, (૨) અલોહમય તથા (૩) અવક્તવ્ય છે, તેમ આત્મા અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની, (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો, (૨) નાસ્તિત્વવાળો તથા (૩) અવક્તવ્ય છે.] ૯.

દ્રવ્ય ક્ષેત્ર નિજ કાળને ભાવથી અસ્તિરૂપ,
દ્રવ્ય ક્ષેત્ર પર કાળને ભાવથી નાસ્તિરૂપ;
સ્વપરચતુષ્ટયથી વળી યુગપદ કહી ન શકાય,
અસ્તિનાસ્તિઅવક્તવ્ય તે નયને છે કહેવાય. ૯.

૧૦. વિકલ્પનય: આત્મદ્રવ્ય, વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે (અર્થાત્ આત્મા ભેદનયે, ભેદ સહિત છે, જેમ એક પુરુષ બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ).

બાળ યુવાદિ ભેદ જ્યમ એક પુરુષની માંય,
ગુણ પર્યયના ભેદ છે અર્થાત્ આત્મામાંય;
ભેદધર્મ આત્મા અહો! જેનાથી સમજાય,
જિનવરના આગમ મહીં વિકલ્પનય કહેવાય. ૧૦.

૧૧. અવિકલ્પનય: આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક-કુમાર-વૃદ્ધ એવા ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ).

બાળ યુવાદિ ભેદ ના પુરુષમાત્રની માંય,
ગુણ-પર્યયના ભેદ ના અર્થાત્ આત્મામાંય;
અભેદ એવો ધર્મ છે આત્મામાંહી સદાય,
વિષય કરે તેને અહો! નયઅવિકલ્પ કહાય. ૧૧.

૧૨. નામનય: આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક શબ્દબ્રહ્મને સ્પર્શનાર છે (અર્થાત્ આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે, જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ).

'આત્મા' નામક શબ્દથી આત્મપદાર્થ કથાય,
વાચક-વાચ્ય સ્વભાવ આ નામધર્મ કહેવાય;
નહિ અગોચર સર્વથા નામનયે હું આત્મ,
શબ્દબ્રહ્મથી ભાઈ! હું પરમબ્રહ્મનો ધામ. ૧૨.

૧૩. **સ્થાપનાનય**: આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને અવલંબનારું છે (અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે, મૂર્તિની માફક).

પુદ્ગલની મૂર્તિ મહીં આત્મા સ્થાપી શકાય,
આત્મા સ્થાપનાધર્મ પણ આત્મા મહીં સદાય;
પ્રતિમા નહિ પાષાણ કે નહિ તે ધાતુ ગણાય,
'જિનપ્રતિમા જિનસારિખા' આ નયથી જ કહેવાય. ૧૩.

૧૪. **દ્રવ્યનય**: આત્મા દ્રવ્યનયે, બાળશેઠની માફક અને શ્રમણરાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવિ અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે, જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવિ પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ).

અતીત, અનાગત પર્યાયે આત્મા જાણી શકાય,
એવો આત્મસ્વભાવ તે દ્રવ્યધર્મ કહેવાય;
બાળશેઠ, રાજશ્રમણ - એ દૃષ્ટાંતો જાણ,
દીપે જે શ્રુતઅંશ તે દ્રવ્યનય કહેવાય. ૧૪.

૧૫. **ભાવનય**: આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે-પ્રકાશે-પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ).

વર્તમાન પર્યાયરૂપ પ્રતિભાસે છે તેહ,
પુરુષ સમાન પ્રવર્તતી મહિલાની જ્યમ જેહ;
ભાવધર્મ આત્મા તણો! ભાવનયે સમજાય,
નિશ્ચે સાચે આ ચાર નયથી જાણ. ૧૫.

૧૬. **સામાન્યનય**: આત્મદ્રવ્ય સામાન્યનયે, હાર-માળા-કંઠીના દોરાની માફક, વ્યાપક છે (અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીઓમાં વ્યાપે છે તેમ).

માળામાં બહુ મોતીનો હારો ભાસે જેમ,
ગુણ પર્યાયો સર્વમાં આત્મા ભાસે તેમ;
નિજ સિદ્ધાંતે આત્મા સર્વ-પ્રસરે આમ,
છે <u>સામાન્યનયે</u> અહો! ભાસક આત્મસ્વભાવ. ૧૬.

૧૭. <u>વિશેષનય</u>: આત્મદ્રવ્ય વિશેષનયે, હારના એક મોતીની માફક, અવ્યાપક છે (અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પ્રતીતિ માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ).

એક મોતી નહિ વ્યાપતું આખી માળામાંય,
પર્યાય તેમ નહિ વ્યાપતી આત્મા મહીં સિવાય;
<u>વિશેષનયથી</u> આત્મા ભલે અવ્યાપક આમ,
રાખીને સિદ્ધાંત તું સમજીને પ્રમાણ. ૧૭.

૧૮. <u>નિત્યનય</u>: આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક અવસ્થાયી છે (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય-ટકનારો છે, જેમ રામ-રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ).

રામ તથા રાવણ એમ બીજા સ્વાંગ અનંત,
ત્રિમૂર્તિ ધરતો છતાં નટ તો રહે જ એક;
એમ બદલે પર્યાય પણ દ્રવ્ય રહે છે એક,
આત્મા પણ નિત્ય જ રહે <u>નિત્યનયે</u> તું દેખ. ૧૮.

૧૯. <u>અનિત્યનય</u>: આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક, અનવસ્થાયી છે (અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલા રામ-રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ).

નટ તો નિત્ય રહે છતાં સ્વાંગો અનેરા થાય,
આત્મા દ્રવ્ય નિત્ય પણ પર્યાયો બદલાય;
<u>અનિત્યનયથી</u> જાણને અનિત્ય આત્મસ્વભાવ,
આત્મા નિત્યાનિત્ય છે ધરજે તું નિર્ધાર. ૧૯.

૨૦. <u>સર્વગતનય</u>: આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે:

સર્વગતનયથી કહો! ખુલ્લા આંખની જેમ,
આત્મા વર્તે સર્વમાં આવાગમ નહીં ફરે;
રહીને નિજ પ્રદેશમાં બધો લોકાલોક,
અચિંત્ય નિજ સામર્થ્યની ટર શું જાણનારીએ. ૨૦

૨૧. <u>અસર્વગતનય</u> : આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું) છે.

<u>અસર્વગતનયથી</u> કહો! બંધ આંખની જેમ,
આત્મા વર્તે નિજ માંહી બિનપરનો સંદેશ;
બધો પણ વર્તે નહીં પરદ્રવ્યોની માંય,
રહે તે નિજ પ્રદેશમાં – આત્મગત કહેવાય

૨૨. <u>શૂન્યનય</u> : આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.

આત્મા <u>શૂન્યનયે</u> કહો! ખાલી ઘરની જેમ,
ભાસે છે એકલ આતમો શૂન્ય સહિત એમ;
અમિલિત ને અમિલિત કહો! આત્મા આત્મસ્વભાવ,
શૂન્યધર્મ શું જાણીને અંતરંગમાં અપનાવ. ૨૨.

૨૩. <u>અશૂન્યનય</u> : આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે.

ઝાઝેરા જનથી ભર્યા જહાજની પેઠ જેમ,
<u>અશૂન્યનયથી</u> આતમા ભાસે સહિત તેમ;
ભલે પ્રવિષ્ટ નહીં કહો! જ્ઞેય આત્મા માંય,
આત્મા બધો જ્ઞેયને તેથી મિલિત થાય. ૨૩

૨૪. <u>જ્ઞાનજ્ઞેયઅદ્વૈતનય</u> : આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે.

જેમ ઇંધનસમૂહરૂપ પરિણત અગ્નિ સમાન,
જ્ઞાનજ્ઞેય અદ્વૈત છે આ નય વડે કથાય;
એનું ઇંધન અગ્નિ છે, તે એમાં નહિ ભેદ,
તેમ જ્ઞાનનું જ્ઞેય પણ જ્ઞાનહિ છે અદ્વૈત. ૨૪.

૨૫. જ્ઞાનજ્ઞેયદ્વૈતનય : આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે (અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર-પ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ).

સંગે પરપ્રતિબિંબો તણા દર્પણ દીસે અનેક,
જ્ઞાન જ્ઞેયનાં દ્વૈત છે કહે છે આ નય એમ;
સર્વજ્ઞાદિ ષટ્નયો જ્ઞાન-જ્ઞેય સ્વરૂપ,
સમજાવે, હે ભાઈ! તું થા નિજની સન્મુખ. ૨૫.

૨૬. નિયતિનય : આત્મદ્રવ્ય નિયતિનયે, નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક. (આત્મા નિયતિનયે નિયત સ્વભાવવાળો ભાસે છે, જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયતસ્વભાવવાળો ભાસે છે તેમ.)

ત્રિકાળ રહતા ભાવને નિયત સ્વભાવ કહાય,
અગ્નિને જેમ ઉષ્ણતા નિયમિત છે ત્રણ કાળ;
પરમ પારિણામિક ભાવ જે નિયતિનયથી સ્વભાવ,
ઉપશમ ક્ષાયિક ચાર તો ક્ષણિક ભાવમાં ગણાય. ૨૬.

૨૭. અનિયતિનય : આત્મદ્રવ્ય અનિયતિનયે, અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયતિથી (-નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક. [આત્મા અનિયતિનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે તેમ.)

પાણે જે પરિવર્તનો અનિયત ભાવ કહાય,
પાણીમાં જેમ ઉષ્ણતા નિયમિત નહોય ત્રિકાળ;
ઔદયિક રાગાદિ ને [illegible] પર્યાય,
અનિયતિનયથી જાણ તું તુજ ભાવો ક્ષણિકાય. ૨૭.

૨૮. <u>સ્વભાવનય</u> : આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે), જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક.

તીક્ષ્ણ કાંટો સદા સ્વભાવથી અણી હોય,
સંસ્કારો તેમ આત્માને ઉપયોગી ન હોય;
એવો દ્રવ્યસ્વભાવ તું <u>સ્વભાવનયથી</u> જાણ
કર ઉપાય ક્રોડ પણ અન્યથા નવ થાય. ૨૮.

૨૯. <u>અસ્વભાવનય</u> : આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે), જેને (સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક.

લુહારથી તીરની અણી તીક્ષ્ણ કરાય સમય,
સંસ્કારો તેમ આત્માનાં ઉપયોગી થાય;
<u>અસ્વભાવનયથી</u> અહો! પ્રગટ બહુલ સમય,
પુરુષાર્થ કરીને હવે નિજાતમને સાધ.

૩૦. <u>કાળનય</u> : આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. [કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક.]

ગ્રીષ્મઋતુના દિન મુજબ પાકે આંબો જેમ,
આત્મદ્રવ્યની સિદ્ધિ છે સમયાધારિત તેમ;
<u>કાળનય</u> તણું કથન આ કાળલબ્ધિથી થાય,
પાકે સમયમાં વડ વૃક્ષરૂપ સમયમાં. ૩૦.

૩૧. <u>અકાળનય</u> : આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.

કૃત્રિમ ગરમીથી અહો! પાકે આંબો જેમ,
આત્મદ્રવ્યની સિદ્ધિ ના સમયાધીન તેમ;
અકાળનયના જ્ઞાનમાં પુરુષાર્થાદિ દેખાય,
કાર્ય થાય સ્વકાળમાં તે નહિ દીસે ભ્રમાય. 31.

32. પુરુષકારનય: આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે, જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે (-ઊગે છે) એવા પુરુષકારવાદીની માફક. [પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ.]

લીંબુવૃક્ષની પ્રાપ્તિ જ્યમ પુરુષાર્થથી થાય,
આત્મદ્રવ્યની સિદ્ધિ પણ યત્ન વડે જ સધાય;
પુરુષકારનય જાણતાં તું જ પુરુષાર્થ ઉપાડ,
આત્માની પ્રાપ્તિ કરી લહીશ તું નિર્વાણ. 32.

33. દૈવનય: આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે (યત્ન વિના થાય છે) એવું છે, પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક.

યત્ન વિના માણેક મળે લીંબુવૃક્ષની માંય,
આત્માની પ્રાપ્તિ તેમ અયત્નપૂર્વક થાય;
યત્ન અયત્ન ઉભય અહો! રહેતાં અંતર માંહે,
દૈવનયાદિક આદિથી સમજાતો સમજાવ. 33.

34. ઈશ્વરનય: આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવરાવવામાં આવતા મુસાફરના બાળકની માફક

ધાવમાતસ્તનપાન જ્યમ કરે પથિકનું બાળ,
રાગાદિ પરતંત્રતા ભોગવે આત્મા બાળ;
ઈશ્વરના નિજની અહો! પરને કરે પ્રદાન,
જાણે સ્યાદ્વાદના સ્પર્શે ઈશ્વરનયથી જ્ઞાન. 34

૩૫. <u>અનીશ્વરનય</u> : આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રપણે ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક.

મૃગબાળને વનમાં ફાડે સિંહ સ્વચ્છંદે જેમ,
આત્મદ્રવ્ય <u>અનીશ્વરનયે</u> સ્વાધીન સ્વતંત્ર તેમ;
તારો ઈશ્વર કોઈ નહીં, ઈશ્વર તુજનો તુજ,
અંતરમાં અનંત થઈ ભોગવ સુખનો પુંજ. ૩૫.

૩૬. <u>ગુણીનય</u> : આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને શિક્ષણ આપવામાં આવે છે એવા કુમારની માફક.

પ્રાપ્ત કરે શિક્ષક થકી શિક્ષા જેમ કુમાર,
ગુણગ્રાહી છે <u>ગુણીનયે</u> તેમ જ આતમરામ;
ગુરુ ઉપદેશ ગ્રહણ કરે એ રીતે મુજ માંય,
ભવભ્રમણ ટાળી હવે ધર્મની કર શરૂઆત. ૩૬.

૩૭. <u>અગુણીનય</u> : આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે (-ગુણગ્રાહી નથી), શિક્ષક વડે જેને શિક્ષણ આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.

શિક્ષક શીખવે શિષ્યને, પ્રેક્ષક દેખે તેહ,
સાક્ષીભાવરૂપ ધર્મ પણ આત્મામાં જ રહેલ;
એવા અગુણીધર્મને <u>અગુણીનયથી</u> ધ્યાન,
આગમોક્ત ઉપદેશને તટસ્થતાએ જાણ. ૩૭.

૩૮. <u>કર્તૃનય</u> : આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિ પરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તૃનયે રાગાદિ પરિણામોનો કર્તા છે, જેમ રંગારો રંગનો કરનાર છે તેમ).

રંગરેજ કર્તા બને રંગનો જેમ,
આત્મા પણ કર્તા બને રાગાદિનો તેમ;
આત્માનું કર્તાપણું <u>કર્તૃનયે</u> સમજાય,
વ્યવહારદૃષ્ટિ રાગનો કર્તા પણ કહેવાય. ૩૮.

૩૯. અકર્તૃનય: આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (-કર્તા નહિ), પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.

રંગરેજ પટ રંગતો પ્રેક્ષક દેખે જેહ-
કેવળ સાક્ષીભાવથી કર્તા ન બને તેહ;
અકર્તૃનયથી આત્મ તું અકર્તા આત્મારામ,
બને સાક્ષી ભાઈ! તું રાગાદિનો આમ. ૩૯.

૪૦. ભોક્તૃનય: આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. [આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ.]

ખાનારો હિતકારી કે અહિતકારી અન્ન,
સુખદુઃખનો ભોક્તા થાય જેમ રોગીજન;
આ રીતે આ આત્મા ઠરીને ભૂલ થાય,
ભોગવતો સુખદુઃખ યથા ભોક્તૃનયનું ચિહ્ન. ૪૦.

૪૧. અભોક્તૃનય: આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક. [આત્મા અભોક્તાનયે કેવળ સાક્ષી જ છે—ભોક્તા નહિ, જેમ સુખદુઃખને ભોગવનાર રોગીને જોનાર જે વૈદ્ય તે તો કેવળ સાક્ષી જ છે તેમ.]

ખાઈને હિતકારી કે અહિતકારી અન્ન,
રોગી સુખદુઃખ ભોગવે વૈદ્ય રહે તટસ્થ;
તેમ જ સુખદુઃખ નિજ નહીં ભોગવતો ન કદાચ,
અભોક્તૃનયથી આત્મા સાક્ષી રહે સદાય. ૪૧.

૪૨. ક્રિયાનય: આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય તેવું છે, થાંભલા વડે માથું ભટકાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક.
[ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે,

જેમ કોઈ અંધ પુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથાના લોહીનો બગાડ દૂર થવાને લીધે આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ.]

ઢાંભલે માથું ફોડતાં આંખો ખૂલી જાય,
નિધાનની પ્રાપ્તિ અહો! અંધપુરુષને થાય;
તેમ અનુષ્ઠાને થતી આતમ સિદ્ધિ સધાય,
ક્રિયાનયના પક્ષમાં ક્રિયા પ્રધાન કહાય. ૪૨.

૪૩. જ્ઞાનનય : આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, ચણાની મૂઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવા જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક. [જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મૂઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ.]

મૂઠી ચણાની આપીને ચિંતામણિ અમૂલ્ય,
ખરીદતા નિજ ઘર મહીં વ્યાપારીની તુલ્ય;
આત્મપ્રાપ્તિ વિવેકથી જ્ઞાનનયે કહેવાય,
જ્ઞાન-ક્રિયાની મૈત્રીને આ નયપક્ષથી જાણ. ૪૩.

૪૪. વ્યવહારનય : આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે, બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિયુક્ત થતા એવા પરમાણુની માફક. [વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્ગલ સાથે) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે તે પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે તેમ.]

બંધ-મોક્ષ પરમાણુના પર સાથે સંગત,
આત્મદ્રવ્ય પણ અનુસરે બંધ-મોક્ષનું દ્વૈત;
કર્મ અભાવે મોક્ષ છે, સદ્ભાવે છે બંધ,
છે વ્યવહારનયે અહો! દ્વૈતરૂપ સંબંધ. ૪૪.

૪૫. <u>નિશ્ચયનય</u>: આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક. [નિશ્ચયનયે આત્મા એકલો જ બંધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બંધ અને મુક્ત થાય છે તેમ.]

સ્નિગ્ધ-રૂક્ષ થઈ પામતો બદ્ધ-મુક્ત પરિણામ,
પરમાણુ જ્યમ એકલો અદ્વૈતને અનુસાર;
પામે પણ આત્મા એકલો! બંધ-મોક્ષને તેમ,
પરનિરપેક્ષ સ્વયં રહી <u>નિશ્ચયનય</u>થી એમ. ૪૫.

૪૬. <u>અશુદ્ધનય</u>: આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે.

રામપાત્ર કે ઘટ આદે વિશિષ્ટ માટીમાત્ર,
<u>અશુદ્ધનયથી</u> દેખતાં કહાય વિવિધ ભાત;
સોપાધિક સ્વભાવ પણ છે આત્માનો ભાત,
(વિકારી) થઈ તેથી સ્વયં કરે રાગ પરિણામ. ૪૬.

૪૭. <u>શુદ્ધનય</u>: આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિસ્વભાવવાળું છે.

માટી કેવળ માટી છે <u>શુદ્ધનયે</u> કહેવાય,
સદા એકરૂપ રહે તે છે શુદ્ધ સ્વભાવ;
નિરુપાધિક સ્વભાવ પણ છે આત્માનો ભાઈ!
રાગાદિકના ભાવમાં પણ ન હોય સ્વભાવ. ૪૭.

<u>ઉપસંહાર</u>:

- સુડતાલીસ નયો વડે દર્શાં સુડતાલીસ
  ધર્મવાળો દ્રવ્યાત્મા અનુપમ અનંતગુણ ઈશ; ૧.
- આવા ધર્મ અનંત છે, છે નય તેથી અનંત,
  સ્યાત્, કરજે ધર્મોમાં એક અનેક અનંત. ૨.
- વીતરાગતા એ જ છે જિન આગમનો સાર;
  જાણને ધર્મો-નયો વિરાગના પુરાવા. ૩.
- હો ભગવાન આપને સ્વાં થાઓ ભગવાન!"
  એમ કહી હરી ગૌતમ ગુરુએ લીધી વિદાય. ૪.

# ગુરુવંદના

(શિષ્ય બંધુભાવ પ્રાપ્ત થયા)

તીર્થંકર મહાવીરશ્રી દિવ્યધ્વનિ દાતાર,
ગૌતમ ગણધરને કરો! વંદુ વારંવાર;

કુંદકુંદ - અમૃત કરો! પરમાગમ રચનાર,
પંચમકાળ નહીં કરો! શાસનના આધાર;

પ્રવચનકાર નહીં ભાસ્યાં જિનપ્રવચનનો સાર,
સુવર્ણમંદિરસ્થાપક તમ કરો ઉપકાર;

શ્રુતસિંધુ ગુરુદેવશ્રી વંદુ વાર હજાર,
અમૃત વરસાવ્યાં કરો! પંચમકાળ મોઝાર;

આત્મા કેવો છે અને પામવો તેને કેમ?
આગમ ને અનુભવ થકી સમજાવ્યો ગુરુદેવ!

નયનું પ્રયોજન કહ્યું ફરીને ધર્મ અનંત;
હથેળીમાં દેખાડીયો અનંત ધર્મી અંત.

દાસ દાસના દાસ પર અનંત છે ઉપકાર;
સૌ સાધકો ભગવાન-એ સ્થાન કરીશ સ્વીકાર.